


# ગુજરાતમિત્ર


તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૨૨ * * * સંવત ૨૦૮૨ મહા વદ આઠમ , સોમવાર ૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦


# બેન્કિંગ ક્ષેત્ર માટે સરકાર ટૂંકમાં હાઈ-લેવલ સમિતિ રચશે

**વિકસીત** ભારતની રચના કરવા બેન્કિંગ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે કેવા પગલા લેવાની જરૂર છે તેની ભલામણો આ સમિતિ કરશે

**ભારતના** બેંકિંગ ક્ષેત્રને એટલું મોટું બનાવવાનું છે કે તે વિકસિત ભારતના ફંડિંગની જરૂરિયાતોને સંભાળવા માટે સજ્જ બને : નાણા મંત્રી

નવી દિલ્હી, તા. ૮(પીટીઆઇ): નાણા મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, વિકસિત ભારતની ધિરાણ જરૂરિયાતોને પહોંચી વળવા સક્ષમ 'મેગા-લેન્ડર્સ' (વિશાળ ધિરાણકર્તાઓ) તૈયાર કરવા માટેનો બ્લુપ્રિન્ટ તૈયાર કરવા સરકાર ટૂંક સમયમાં 'બેંકિંગ ફોર વિકસિત ભારત' પર એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરશે. પીટીઆઈ વીડિયોઝને આપેલા એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું કે, અમે ઈચ્છીએ છીએ કે સમિતિ અમને જણાવે કે વિકસિત ભારત માટે બેંકિંગ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે આપણે કેવા પ્રકારના પગલાં લેવાની જરૂર છે.



જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું આ સમિતિ જાહેર ક્ષેત્રની બેંકોના વિલીનીકરણનું સૂચન કરશે, ત્યારે સીતારમણે કહ્યું કે તેને આટલા સંકુચિત રીતે ન જોવું જોઈએ. તેમણે ઉમેર્યું કે, ભારતના બેંકિંગ ક્ષેત્રને એટલું મોટું બનાવવાનું છે કે તે વિકસિત ભારતના ફંડિંગની જરૂરિયાતોને સંભાળવા માટે સજ્જ બને. વિકસિત ભારતના લક્ષ્ય સુધી પહોંચવા માટે નાણાં, ફાઈનાન્સ, ધિરાણ અને સામાન્ય માણસ સુધી બેંકિંગ સુવિધાઓની પહોંચ જરૂરી છે. સમિતિની રચનાના સમયગાળા વિશે પૂછતા તેમણે કહ્યું કે, અમે તે વહેલી તકે કરીશું.

1 ફેબ્રુઆરીના રોજ બજેટ ભાષણમાં તેમણે જણાવ્યું હતું કે, હું ભારતની વૃદ્ધિના આગામી તબક્કા સાથે બેંકિંગ ક્ષેત્રને સુસંગત કરવા અને તેની વ્યાપક સમીક્ષા કરવા માટે 'હાઈ-લેવલ કમિટી ઓન બેંકિંગ ફોર વિકસિત ભારત'ની સ્થાપના કરવાનો પ્રસ્તાવ મૂકું છું, જેમાં નાણાકીય સ્થિરતા, સર્વસમાવેશકતા અને ગ્રાહક સુરક્ષાનું પણ રક્ષણ કરવામાં આવશે. જાહેર ક્ષેત્રની NBFCs (નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ)

...અનુસંધાન પાના 2 પર

## સૂરજકુંડ રાઈડ દુર્ઘટના : સાઈડ ઓપરેટર, સ્ટાફની ધરપકડ

ફરીદાબાદ, તા. 8 (PTI) : ફરીદાબાદના સૂરજકુંડ મેળા મેદાનમાં વિશાળ 'સુનામી' ઝૂલો તૂટી પડતાં ફરજ પરના એક ઈન્સ્પેક્ટરનું મોત થયું હતું અને અન્ય 12 લોકો ઘાયલ થયાના એક દિવસ બાદ પોલીસે રવિવારે ઝૂલાના સંચાલક અને તેના એક સ્ટાફ સભ્યની ધરપકડ કરી છે. આ દુર્ઘટના શનિવારે સાંજે 39મા સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય ક્રાફ્ટ્સ મેળામાં ત્યારે બની જ્યારે અંદાજે 19 લોકો ઝૂલા પર સવાર હતા ત્યારે અચાનક ઝૂલો નમી ગયો અને જમીન પર પટકાયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, લોકોને બચાવવાના પ્રયાસમાં જીવ ગુમાવનાર ઈન્સ્પેક્ટર 58 વર્ષીય જગદીશ પ્રસાદ 1989માં હરિયાણા આર્મ્ડ પોલીસમાં જોડાયા હતા અને 36 વર્ષની સેવા પૂર્ણ કર્યા બાદ માર્ચમાં નિવૃત્ત થવાના હતા.

...અનુસંધાન પાના 2 પર

## બહુ થયું ચાલો થોડો આરામ કરી લઇએ



એન્ટાર્કટિકાના હોર્સશૂ આઇલેન્ડ પર બરફના પહાડો પર આરામ કરતી સીલ માછલીની આકર્ષક તસવીર. એન્ટાર્કટિક દ્વીપકલ્પ પર માર્ગુરાઇટ ખાડીમાં સ્થિત હોર્સશૂ આઇલેન્ડ, એક જાણીતું નિવાસસ્થાન છે જ્યાં વેડેલ, ક્રેબીટર, ફર અને એલિફન્ટ સીલ સહિત વિવિધ સીલ પ્રજાતિઓ બરફના પહાડો પર આરામ કરતી જોવા મળે છે. આ સીલ ખાસ કરીને પ્રદેશના સક્રિય હિમનદીઓની નજીક તરતા બરફના ખડકનો ઉપયોગ આરામ અને રક્ષણ માટે પ્લેટફોર્મ તરીકે કરે છે.

# ગૌરવ ગોગોઈ, તેમની પત્નીના પાક એજન્ટ સાથે ગાઢ સંબંધ: હિમંત સર્મા

**ગોગોઇની** બ્રિટિશ પત્નીને પાકિસ્તાની સંસ્થા તરફથી પગાર ચુકવાયો હોવાનો આસામના મુખ્યમંત્રીનો દાવો

**આ** પ્રકરણમાં કેન્દ્રીય તપાસ માટે આસામ સરકારની ભલામણ

**આ આક્ષેપો** જે પત્રકાર પરિષદમાં કરાયા તેને ગોગોઇએ સી ગ્રેડ સિનેમા કરતા વધુ ખરાબ અને ફ્લોપ ગણાવી



ગુવાહાટી, 8 ફેબ્રુઆરી (PTI): આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ રવિવારે આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈ, તેમની બ્રિટિશ પત્ની એલિઝાબેથ કોલબર્ન અને પાકિસ્તાની નાગરિક તૌકીર શેખ વચ્ચે ઊંડો સંબંધ હતો અને ઈન્ટેલિજન્સ બ્યુરોની માહિતી ગુપ્ત રીતે પાડોશી દેશને પહોંચાડવામાં આવી હતી.

વિધાનસભા ચૂંટણી પહેલા અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા સરમાએ એવો પણ દાવો કર્યો હતો કે જ્યારે કોલબર્ન ભારતમાં કામ કરતી હતી ત્યારે શેખ દ્વારા તેને પગાર ચૂકવવામાં આવ્યો હતો, જે ફોરેન કોન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ (FCRA)ના નિયમોનું ઉલ્લંઘન કરીને ચુકવાયો હતો. મુખ્યમંત્રીએ એમ પણ આક્ષેપ કર્યો હતો કે ગોગોઈએ 2013માં પાકિસ્તાનની ખૂબ જ ગુપ્ત મુલાકાત લીધી હતી અને ત્યાં તેમણે કોઈ પ્રકારની તાલીમ લીધી હોવાનું માનવામાં આવે છે.

તેમણે કોંગ્રેસ નેતાને આ પ્રવાસ અંગે સત્ય જણાવવા અથવા રાષ્ટ્રદ્રોહના આરોપોનો સામનો કરવા પડકાર ફેંક્યો હતો. ગૌરવ ગોગોઈ, જેઓ રાજ્ય કોંગ્રેસના પ્રમુખ પણ છે, તેમણે સરમાની પત્રકાર પરિષદને C-ગ્રેડ સિનેમા કરતાં પણ ખરાબ અને સુપર ફ્લોપ ગણાવી હતી.

મુખ્યમંત્રીએ કહ્યું, અમારું માનવું છે કે ગોગોઈ, કોલબર્ન અને શેખ વચ્ચે ઊંડો સંબંધ છે. અમે માનીએ છીએ કે કોલબર્ન અને શેખ એક આંતરરાષ્ટ્રીય ષડયંત્રનો હિસ્સો હતા. સરમાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓએ સ્થાનિક મ્યુનિસિપલ એજન્સીઓ

...અનુસંધાન પાના 2 પર

## પાકિસ્તાન ગાઝા શાંતિ બોર્ડના પ્રથમ શિખર સંમેલનમાં ભાગ લેશે

ઈસ્લામાબાદ, તા. 8 (PTI): મીડિયા અહેવાલો અનુસાર, પાકિસ્તાનને 'બોર્ડ ઓફ પીસ ફોર ગાઝા'ના પ્રથમ શિખર સંમેલનમાં હાજરી આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે અને દેશ 19 ફેબ્રુઆરીએ અમેરિકામાં યોજાનારી આ બેઠકમાં હાજરી આપે તેવી અપેક્ષા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાન્યુઆરીમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગાઝા પટ્ટીમાં યુદ્ધવિરામ સમજૂતીના બીજા તબક્કાના ભાગરૂપે આ બોર્ડનું અનાવરણ કર્યું હતું. વોશિંગ્ટન દ્વારા તેને ગાઝા અને તેની બહાર શાંતિ અને સ્થિરતા લાવવા માટે એક નવી આંતરરાષ્ટ્રીય સંસ્થા તરીકે રજૂ કરવામાં આવી રહી છે. પાકિસ્તાન વિદેશ કાર્યાલયે 21 જાન્યુઆરીએ જણાવ્યું હતું કે, તેણે રાષ્ટ્રપતિ ટ્રમ્પનું ગાઝા શાંતિ બોર્ડમાં જોડાવાનું આમંત્રણ સ્વીકારી લીધું છે અને તેમણે વડા પ્રધાન શહબાઝ શરીફને આ સંસ્થાનો ભાગ બનવા

...અનુસંધાન પાના 2 પર

# 83000 શાળામાં 1 કરોડથી વધુ બાળકોના આધાર બાયોમેટ્રિક્સ અપડેટ્સ પૂર્ણ

**5 અને** 15 વર્ષની વય વટાવ્યા પછી, MBU ની પ્રક્રિયા દ્વારા આધારમાં ફિંગરપ્રિન્ટ્સ અને આઇરિસની માહિતી આપવી એ બાળકો માટે એક આવશ્યક જરૂરિયાત

**આ માટે** મિશન મોડ પર અભિયાન શરૂ કરાયું, દેશમાં હજી ઘણા બાળકોને આનો લાભ મળવાનો બાકી

નવી દિલ્હી, તા. 8(PTI): આધારનું સંચાલન કરતી સંસ્થા UIDAI એ દેશભરની 83,000 શાળાઓના એક કરોડ શાળાના બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ (MBU) પૂર્ણ કર્યું છે, તેમ




એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે. પાંચ વર્ષથી ઓછી ઉંમરનું બાળક ફોટોગ્રાફ, નામ, જન્મ તારીખ, જાતિ, સરનામું અને જન્મ પ્રમાણપત્ર આપીને આધાર માટે નોંધણી કરાવી શકે છે, પરંતુ પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકના ફિંગરપ્રિન્ટ્સ અને આંખના આઈરિસ બાયોમેટ્રિક્સ લેવામાં આવતા નથી, કારણ કે તે સમયે આ ઈન્ડિકેટરો પરિપક્વ હોતા નથી. તેથી, 5 અને 15 વર્ષની વય વટાવ્યા પછી, MBU ની પ્રક્રિયા દ્વારા આધારમાં ફિંગરપ્રિન્ટ્સ અને આઈરિસની માહિતી આપવી એ બાળકો માટે એક આવશ્યક જરૂરિયાત છે. આધારમાં MBU ના અભાવને કારણે વિવિધ સરકારી યોજનાઓ હેઠળ લાભો મેળવવા માટે ઓથેન્ટિકેશન કરવામાં, તેમજ NEET, JEE, CUET વગેરે જેવી સ્પર્ધાત્મક અને યુનિવર્સિટી પરીક્ષાઓમાં નોંધણી કરવામાં મુશ્કેલીઓ આવી શકે છે. નિવેદનમાં

...અનુસંધાન પાના 2 પર

તા. ૦૮-૦૨-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| 33.0° સે. | ૧૭.૦° સે. | 33% |

